
**તા. ૧૪/૮/૨૫ : જન્માષ્ટમીની ઉજવણી :** શાળામાં જન્માષ્ટમીની ઉજવણી કરાવવામાં આવી જેમા ક્રિષ્ણ ભગવાનનો સુંદર ઝુલો શણગારવામાં આવ્યો અને તેમાં નાના લાલજીને બેસાડી ઝુલાવવામાં આવ્યા. આ દિવસે વિદ્યાર્થીઓને સુંદર નાના-નાના કાનાજી, રાધા, મીરા, સુદામા, યશોદા, વાસુદેવ, નંદ, દેવકી વગેરે બનાવ્યા હતા. નાના ક્રિષ્ણ દ્વારા મટકી ફોડનો કાર્યક્રમ કરાવવામાં આવ્યો અને બાળકોએ રાસગરબા તેમજ **"નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી"** જેવા નારા બોલાવી આનંદ માણ્યો હતો.





**તા. ૧૫/૮/૨૫ : વેશ ભૂષા :** ૭૮ માં સ્વાંતત્ર્યપર્વની ઉજવણી પ્રસંગે શાળાની બાળાઓ દેશકી નારી શકિત તરીકે સાવિત્રીબાઇ ફૂલે, સરોજની નાયડુ, ઉષા મહેતા, હંસા મહેતા, નાયકા દેવી, મેડમ ભીખાઇજી કામા જેવા મહાન નારી શકિતના પાત્રોના વેશ ધારણ કરી નારી શકિતના નારાઓ બોલાવી વાતાવરણને તેજોમય બનાવ્યું હતું.






**તા. ૨/૯/૨૫ : ગણપતિ ઉત્સવ :** ગણેશ ઉત્સવ શાળામાં અને સમાજમાં ખુશી,ભકિત અને એકતા ફેલાવે છે. આજ હેતુથી આપણી શાળામાં દર વર્ષેગણેજીની સ્થાપના કરવામાં આવે છે. જેમાં પૂજા,આરતી, થાળ, પ્રસાદ મેળવી બાળકો ખૂબ આંનદ અનુભવે છે.

**તા. ૪/૯/૨૫ : શિક્ષકદિનની ઉજવણી :** શિક્ષકદિનની ઉજવણી રૂપે ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓએ શિક્ષક બની પૂર્વ પ્રાથમિકનાં ભૂલકાંઓને ભણાવ્યા હતા. જેમાં તેઓએ બાળકોને પ્રાર્થના, શ્લોક, બાળગીત, વાર્તા કરાવી. એક શિક્ષક તરીકે લેખન કાર્ય કરાવ્યુ. તેમજ દરેક વર્ગમાં રંગીન કાગળમાંથી જુદી-જુદી ઓરીગામી એકટીવિટી પણ કરાવી હતી. શિક્ષક દિનની ઉજવણીમાં ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓએ ખૂબ સારી મહેનત કરી. બાળકોને મજા કરાવી હતી.





**તા. ૪/૯/૨૫ : શિક્ષકદિનની ઉજવણી :** શિક્ષક દિન એટલે શિક્ષક પ્રત્યે શ્રધ્ધા અને આદર દર્શાવવાનો દિવસ. શાળાના શિક્ષકોને શિક્ષકદિન અંતર્ગત પોલીસ મિત્ર ઇન્વેસ્ટિગેશન દ્વારા શાળાના ૨૪ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમા પૂર્વ પાથમિક ગુ.મા. માંથી સુપરવાઇઝર રાઠોડ ધૃતિબેન એસ., રાઠોડ રેખાબેન એસ. સન્માનિત કરવામાં આવ્યા હતા.

